# રૂપાલમાં આજે પલ્લી મેળો

## ૧૨ લાખ ભાવિકો દર્શનનો લાભ લેશે : માતાજીના પલ્લી રથ પર ૪ લાખ કીલો ઘી નો અભિષેક કરાશે : ૧૪ ઠેકાણે પાર્કીંગની વ્યવસ્થા : ભાવિકોને ખીચડી કઢીનો પ્રસાદ પીરસાશે

ગાંધીનગર તા ૧૮

ગાંધીનગરના રૂપાલ ગામમાં આજે પલ્લી મેળાનુ આયોજન કરવામાં આવશે. જયારે આ પલ્લી મેળાને અનુલક્ષી ગામમાં તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. અંદાજિત ૧૨ લાખ જેટલા ભાવિકો માતાજીના પલ્લી રથના દર્શનનો લાભ લેશે. જયારે પલ્લી રથ પર અંદાજે ૪ લાખ કીલો ઘી નો અભિષેક કરાશે. પલ્લી મેળાને અનુલક્ષી જરૂરી બસ સુવિધા ઉપરાંત પાર્કીંગ તેમજ સલામતી વ્યવસ્થાનો પણ પુરતો ખ્યાલ રાખવામાં આવ્યો છે. માતાજીનો પલ્લી રથ ગામના ૨૭ ચકલામાં ફરશે આ દરમિયાન ભાવિકો પલ્લીરથ પર ઘી નો અભિષેક કરશે.

ગાંધીનગરના રૂપાલ ગામમાં યોજાતા વરદાયિની માતાના પલ્લીમેળામાં દરવર્ષે ભાવિકોનુ ઘોડાપુર ઉમટે છે. નવરાતમાં નોમના દિવસે યોજાતા પલ્લી મેળાને અનુલક્ષી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ તમામ પરિબળોને ધ્યાને લઈ જરૂરી બન્દોબસ્ત કરવામાં આવે છે. રૂપાલના પલ્લી મેળામાં ભાવિકોની વધતી સંખ્યાને ધ્યાને લઈ સલામતી, વાહન સેવા તેમજ વાહન પાર્કીંગ સહીતની બાબતોનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવે છે. રૂપાલમાં આયોજિત પલ્લી મેળા અંગે વરદાયિની મંદિર ટ્રસ્ટના મેનેજર અરવિંદ ત્રિવેદીએ માહીતી આપતા જણાંવ્યુ હતુ કે આ વર્ષે રૂપાલના પલ્લી મેળામાં ૧૦ થી ૧૨ લાખ જેટલા ભાવિકો માતાજીના પલ્લી રથના દર્શનનો લાભ લેશે. આવતીકાલે એટલે તા ૧૮ ઓકટોબરના રોજ રાત્રિના ૧૨ કલાક બાદ માતાજીના પલ્લી રથનુ પ્રસ્થાન થશે. જયારે પલ્લી રથ ગામના ૨૭ જેટલા ચકલામાં ફરશે. આ દરમિયાન ભાવિકો દ્વારા પલ્લી રથ પર ઘી નો અભિષેક કરવામાં આવશે. પલ્લી મેળામાં દરવર્ષે ભાવિકોનુ ઘોડાપુર ઉમટે છે. જયારે પલ્લી રથ તૈયાર કરાયા બાદ માતાજીની રજા મળ્યા બાદ જ પલ્લી રથનુ પ્રસ્થાન થાય છે.જયારે માતાજીના પલ્લીરથ પર અંદાજિત ૪ લાખ કીલો ઘી નો અભિષેક કરવામાં આવશે. પલ્લી મેળાને અનુલક્ષી આવનારા ભાવિકો માટે દિવસ રાત પ્રસાદનુ પણ આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ભાવિકોને ખીચડી કઢીનો પ્રસાદ પીરસવામાં આવશે. આ ઉપરાંત એસ ટી તંત્ર દ્વારા પણ વિશેષ બસો દોડાવાશે. જયારે પલ્લી મેળામાં લાખો ભાવિકોને ધ્યાને લઈ જરૂરી સલામતી વ્યવસ્થા પણ કરવામાં આવશે. જેમાં ૮૦૦ થી વધુ પોલીસ જવાનો પલ્લી મેળાને અનુલક્ષી ખડેપગે સલામતી વ્યવસ્થા જાળવવાનુ કામ કરશે. જયારે પલ્લી મેળાને અનુલક્ષીને વિવિધ ૧૪ ઠેકાણે પાર્કીંગ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. આ ઉપરાંત પાર્કીંગ પ્લેસ પર પીવાના પાણી તેમજ મોબાઈલ ટોઈલેટની સેવા મળી રહે તેવુ પણ આયોજન કરવામાં આવ્યુ છે.

## રૂપાલના રૂટમાં ખાસ બસ સેવા દોડશે

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરના રૂપાલ ગામમાં નોમના દિવસે યોજાનારા રૂપાલના પલ્લી મેળાને અનુલક્ષી એસ ટી ડેપો દ્વારા ભાવિકોને સરળતાથી વાહન વ્યવ્હાર ઉપલબ્ધ થાય તે માટે ૨૦ જેટલી બસો દોડાવાશે. તા ૧૮ ઓકટોબરના રોજ બપોર બાદ એસ ટી ડેપોમાંથી ગાંધીનગર રૂપાલ રૂટમાં આ બસ દોડશે. દરવર્ષે રૂપાલના પલ્લી મેળાને અનુલક્ષીને એસ ટી ડેપો દ્વારા ખાસ બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે. રૂપાલના પલ્લી મેળામાં લાખો ભાવિકો દર્શનાર્થે આવે છે. જયારે આ પલ્લી મેળામાં ભાવિકોની સંખ્યાને ધ્યાને લઈ સલામતી વ્યવસ્થા તેમજ વાહન સેવાનુ પણ ખાસ આયોજન કરવામાં આવે છે.

## મારું મન મોર બની થનગાટ કરે...



## સ્થાયી સમિતિને ડહાપણની દાઢ આવી, કાઉન્સીલરોની ગ્રાન્ટ માટે સૂચવવાની નીતિમાં ફેરફાર કર્યો

### ૧૦ હજાર ખુરશી ખરીદવાનો નિર્ણય લેવાયો પરંતુ સિક્યોરીટી ગાર્ડસ પુરા પાડવા અને નવીન બનાવાયેલ ઉધાનોની નિભાવણી-જાળવણી અંગે નિર્ણય લેવાનું ટાળ્યુ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં ૧ કામ મંજૂર કરાયા બાદ બે કામો મુલ્તવી રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આજની આ મહત્વની બેઠકમાં કાઉન્સીલરોની ગ્રાન્ટમાંથી હવેથી ખુરશી, પંખા, તિજોરી જેવી ખરીદી નહિ કરવાનો પણ મહત્વનો નિર્ણય લેવા સાથે આજના એજન્ડામાં દર્શાવાયેલ ૧૦ હજાર ખુરશી ખરીદવાનો નિર્ણય કરાયો છે.

સોમવારે મુલ્તવી રહેલ બેઠક આજે પુનઃ મળી હતી. જેમાં સે. ૪, ૨૪, ૨૭માં ઉધાનોના નવીનીકરણ બાદ જાળવણી નિભાવણી માટેનું ટેન્ડર મુલ્તવી રાખવાનો નિર્ણય કરાયો હતો. આ ઉપરાંત સિક્યોરીટી ગાર્ડઝ પુરા પાડવા બાબતને લઈ પણ નિર્ણય મુલ્તવી રાખવામાં આવ્યો હતો.

સ્થાયી સમિતિની મુદત પૂર્ણ થવાની આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે પક્ષ અને ચૂંટાયેલી પાંખ વચ્ચેના વિવાદો વચ્ચે આજે સ્થાયી સમિતિની બેઠક મળી હતી.

સ્થાયી સમિતિએ ૧૦ હજાર ખુરશીઓ ખરીદવાનો નિર્ણય કર્યો છે. આ માટે એસ-૧ એજન્સીને ઓર્ડર આપવામાં આવશે. આજની આ બેઠકમાં કાઉન્સીલરોને અપાતી ગ્રાન્ટમાંથી હવે બાંકડાઓ, ખુરશીઓ, પંખા અને તિજોરીઓ ખરીદવાના કામો સૂચવી શકાશે નહિ તેવો નીતિ વિષયક નિર્ણય પણ લેવામાં આવ્યો હતો.

સ્થાયી સમિતિએ લીધેલા આ નિર્ણય પાછળ પક્ષમાં અને ચૂંટાયેલી પાંખ વચ્ચેના મતભેદોનો પડઘો જવાબદાર હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે. સ્થાયી સમિતિએ સિક્યોરીટી ગાર્ડઝ પુરા પાડવા માટે બે એજન્સીના ભાવ સરખા આવતાં તેના પર નિર્ણય લેવાનો ટાળ્યો હતો.

## બેસણું



મારા પુત્ર **સુનીલ રામાજી ઠાકોરનું** દુઃખદ અવસાન તા. ૧૫/૧૦/૨૦૧૮ને સોમવારના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૯/૧૦/૨૦૧૮ને શુક્રવારના રોજ અમારા નીચેના નિવાસસ્થાને સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે** રાખેલ છે.

**નિવાસસ્થાન : પ્લોટ નં. ૧૧૦૧/૧, સેક્ટર-૪/એ, ગાંધીનગર. મો. ૯૯૦૪૧ ૫૮૭૬૬**

**લી.**
**રામાજી રણછોડજી ઠાકોર**
**પ્રકાશ રામાજી ઠાકોર**

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

## નવરાત પર્વના અંતે શાળાઓમાં પરીક્ષા વિદ્યાર્થીઓ તૈયારીમાં લાગી ગયા

ગાંધીનગર તા ૧૭

નવરાત્રિ મહોત્સવ દરમિયાન શાળાઓમાં મીની વેકેશન જાહેર કરવામાં આવ્યુ હતુ. જયારે નવરાત બાદ તુરંત જ શાળાઓમાં પરીક્ષા શરૂ થશે. જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે જેના લીધે અંતિમ ચરણના નવરાત મહોત્સવ દરમિયાન વિદ્યાર્થીઓ પરીક્ષાલક્ષી તૈયારીમાં વ્યસ્ત છે. જયારે શાળા કક્ષાએ પણ પરીક્ષાલક્ષી તૈયારીઓ કરવામાં આવી રહી છે.

નવરાત્રિ દરમિયાન સરકાર દ્વારા શાળાઓમાં વેકેશન જારી કરી દેવાતા વિદ્યાર્થીઓમાં ઉત્સાહ જોવા મળ્યો હતો .જયારે નવરાત દરમિયાન શાળાઓમાં રજા હોવાથી વિદ્યાર્થીઓને પણ આ વર્ષે ગરબાની મજા વિશેષ રૂપે મજા માંણી રહ્યા છે. જયારે વાલીઓએ પણ નિરાંત અનુભવી છે. જો કે નવરાત પર્વના અંતે તુરંત જ પરીક્ષા શરૂ થવાની હોવાથી નવરાત્રિના અંતિમ ચરણથી વિદ્યાર્થીઓ પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા છે. હાલ નવરાત્રિ મહોત્સવના અંતે પરીક્ષાનુ કાઉન્ટ ડાઉન શરૂ થઈ જતા શાળા કક્ષાએ પણ પરીક્ષા લક્ષી તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. નવરાતના અંતે જિલ્લાની શાળાઓમાં પરીક્ષા શરૂ થવાની હોવાથી વિદ્યાર્થીઓ પરીક્ષા માટે સજજ થઈ રહ્યા છે. નવરાત પર્વ દરમિયાન શાળાઓમાં વેકેશન જાહેર કરી દેવાયા બાદ પણ કેટલીક શાળાઓએ શૈક્ષણિક કાર્ય ચાલુ રાખ્યુ હોવાની ફરિયાદો ઉઠતા જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા ફરિયાદો ઉઠવા પામી હતી. જેના લીધે જિલ્લા શિક્ષણ તંત્ર દ્વારા આ શાળાઓને નોટીસ આપવામાં આવી હતી. ખૈર હવે તો નવરાત પર્વને પુરો થવામાં પણ માત્ર એક જ દિવસ આડો રહ્યો હોવાથી પરીક્ષાનુ કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયુ છે.

આપના સપનાનું ઘર આપની રાહ જોઇ રહ્યું છે.... સહપરિવાર જોવા પધારો




RERA Reg. No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA00941/071217

શિવાલય PARISAR
3 BHK LUXURY

besides shivalay residency,
opp. kanam-1, kudasan

exclusively marketed by:
tps The Property Shop
98980 29451, 99092 80666

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com